જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૭/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૭૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી, ૩૭ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૮૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૯૮૧/૨૦૨૬**

મેઘાણીનગરઃ અનુકૃતિબેન વા/ઓ ઉમંગભાઈ દુબે (ઉ.વ.૩૩)(રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ, મેઘાણીનગર વિમા ના દવાખાના પાસે, મેઘાણીનગર) એ તા.૧૪/૦૭/૨૦૨૬ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૭/૨૦૨૬ સાંજના ૭/૦૦ થી તા.૧૧/૦૭/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પાછળના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીઓમાંથી સોના–ચાંદીના દાગીના કુલ કિમત રૂપિયા ૧,૬૪,૬૯૪/– મતાના ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.પી.એરુણકર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૮૨/૨૦૨૬**

ગોમતીપુરઃ નીતિનભાઈ કિરણભાઈ પટણી (ઉ.વ.૨૭)(રહે.સાંઈનાથના છાપરા હિન્દી સ્કૂલની બાજુમાં રાયપુર મીલ ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઓસરીમા લાકડાના મોભ સાથે કપડુ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનીલભાઈ સોનજીભાઈ ચલાવે છે.

વટવાઃ ગણેશ ગજાનંદ નુપનારાયણ (ઉ.વ.૨૬)(રહે.સદભાવના નગર, ચાર માળિયા, વટવા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૭/૨૦૨૬ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લેતા, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા બપોરના ૧૨/૫૫ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામદેવસિંહ ચતુરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી